

# અંગ્રેજી

## ધોરણ-3

પ્રથમ સત્ર

# વાર્ષિક માસવાર આયોજન

વર્ષ – ૨૦૨૪/૨૫



shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

## જુન માસનું પાઠ આયોજન
## Pre Reading Activities

**અધ્યયન નિષ્પતિ :**

- શિક્ષક અને અન્ય વિદ્યાર્થીઓ સાથેની વાતચીત દરમિયાન અરસપરસ પ્રતિભાવ આપે છે.
- અંગ્રેજી મૂળાક્ષરો વાંચે છે તેમજ કેપિટલ અને સ્મોલ મૂળાક્ષરો અને તેનાથી બનતા શબ્દોનું યોગ્ય રીતે અનુલેખન કરે છે. વિરામચિહ્નોનો ઉપયોગ કરીને સાદા અંગ્રેજી વાક્યોનું મુખવાચન કરે છે. સાદા અંગ્રેજી શબ્દોનું અનુલેખન કરે છે.
- Rhymes, Action Songs, Poems, Prayers સામૂહિક રીતે યોગ્ય હાવભાવ અને અભિનય સાથે ગાય છે.
- વર્ગખંડમાં ઉપલબ્ધ લેખિત સામગ્રી (ફ્લેશકાર્ડ / ચિત્રમાં રહેલા શબ્દો) તેમજ ઘર અને આસપાસના પર્યાવરણમાં રહેલી વિવિધ વસ્તુઓનું વર્ણન સાંભળે છે, સમજે છે અને ટૂંકમાં તેનું વર્ણન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-રંગો પુરવા
-અંગ્રેજી લેટર ઘુંટાવા
-અલ્ફાબેટ ના ક્રમ પ્રમાણે ગોઠવવા
- કીટલીનું ચિત્ર ટપકા જોડી પૂર્ણ કરાવશે
- વિવિધ ભાગોનાં નામ યોગ્ય ઉચ્ચાર સાથે શીખવશે
- સૂચવેલા મૂળાક્ષર પર વર્તુળ માર્ગદર્શન આપશે.
- કીટલીના ભાગોના નામ અંગ્રેજીમાં લખવા
- Rhymeનું ગાન કરવું
- બાળકને પોતાના નામનો સ્પેલિંગ લખાવવો

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-અંગ્રેજી આલ્ફાબેટ ચાર્ટ
-અંગ્રેજી લેટરોના મોટા ચાર્ટ, કલર
-કીટલીનું ચિત્ર
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક વિદ્યાર્થીઓને આપેલ Capital Lettersમાં ગમતા રંગો પૂરવા જણાવશે. શિક્ષક વિદ્યાર્થીઓને Small Lettersમાં મનપસંદ રંગ કરવા જણાવશે. શિક્ષક વિદ્યાર્થીઓને આપેલ Capital તેમજ Small Lettersને ઘૂંટવા જણાવશે. શિક્ષક આપેલા અંગ્રેજી letters સાથે દર્શાવવામાં આવેલ dotsને alphabetsના ક્રમમાં જોડવા સૂચના આપશે. For example: Join 'A' with 'B' with the use of scale. Reverse orderમાં પણ સૂચના આપી શકાય. for example:

Join 'Z' with 'Y' with the use of scale. શિક્ષક આપેલા અંગ્રેજી letters સાથે દર્શાવવામાં આવેલ dotsને alphabetsના ક્રમમાં જોડવા સૂચના આપશે. For example: Join 'a' with b'. Reverse orderમાં પણ સૂચના આપી શકાય. For example: Join 'Z with 'Y'.with the use of scale. શિક્ષક વિદ્યાર્થીઓ પાસે અહીં આપેલ કીટલીનું ચિત્ર ટપકા જોડી પૂર્ણ કરાવશે. શિક્ષક વિદ્યાર્થીઓને આપેલા ચિત્રમાં કીટલીના વિવિધ ભાગોનાં નામ યોગ્ય ઉચ્ચાર સાથે શીખવશે. શિક્ષક વિદ્યાર્થીને કીટલીના ભાગોના નામ અંગ્રેજીમાં લખવા કહેશે. શિક્ષક વિદ્યાર્થીને અહીં આપેલી સૂચના અનુસાર સૂચવેલા મૂળાક્ષર પર વર્તુળ માર્ગદર્શન આપશે. શિક્ષક વિદ્યાર્થીઓને Rhymeની એક પછી એક પંક્તિ ગવડાવશે. વિદ્યાર્થીઓ સમૂહમાં અને ત્યારબાદ નાના નાના જૂથમાં Rhymeનું ગાન કરશે. શિક્ષક વિદ્યાર્થીઓને નામનો પ્રથમ Letter Capital રાખવાની સૂચના આપશે. શિક્ષક બાળકને પોતાના નામનો સ્પેલિંગ લખવામાં મદદ કરશે.

**પ્રવૃત્તિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

-અંગ્રેજી મૂળાક્ષરો વિવિધ જગ્યાએ લખાવવા

-અલ્ફાબેટ પરનું ગીત ગવડાવવું

-અંગ્રેજી સ્પેલીંગો બોલાવવા

-અંગ્રેજી લેટરોમાં રંગ પુરાવવા

**મૂલ્યાંકન :**

-શિક્ષકની સૂચના મુજબ કાર્ય કરો.

- કીટલીના ભાગોના નામ અંગ્રેજીમાં લખવા

- Rhymeનું ગાન કરશે.

- પોતાના નામનો સ્પેલિંગ

-લેટરમાં રંગો પૂરવા

-પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રવૃત્તિઓ કરવી.

-જૂથકાર્ય, જોડીકાર્ય અને ગૃહકાર્ય કરાવવું.

## જુલાઈ માસનું પાઠ આયોજન
## 1. Colours All Around

**અધ્યયન નિષ્પત્તિ :**

- શિક્ષક અને અન્ય વિદ્યાર્થીઓ સાથેની વાતચીત દરમિયાન અરસપરસ પ્રતિભાવ આપે છે.
- અંગ્રેજી મૂળાક્ષરો વાંચે છે તેમજ કેપિટલ અને સ્મૉલ મૂળાક્ષરો અને તેનાથી બનતા શબ્દોનું યોગ્ય રીતે અનુલેખન કરે છે. વિરામચિહ્નોનો ઉપયોગ કરીને સાદા અંગ્રેજી વાક્યોનું મુખવાચન કરે છે. સાદા અંગ્રેજી શબ્દોનું અનુલેખન કરે છે.
- 51 ની 100 સુધીના અંગ્રેજી અંકોને વાંચે અને લખે છે તેમજ વ્યવહારમાં તેનો ઉપયોગ કરે છે.

- ટૂંકી પરિચિત વાર્તા અંગ્રેજીમાં સાંભળે છે. વાર્તા અને પાત્રો વિશે અંગ્રેજી / ઘરની ભાષામાં પ્રશ્નો પૂછે છે. અભિનયયુક્ત અને ચિત્રની મદદથી રજુ થયેલી વાર્તા સાંભળીને સમજે છે તેમજ વાર્તામાં આવતા શબ્દો અને શબ્દ સમૂહો જાણે છે. વાંચે છે અને તેનો ઉપયોગ કરે છે તેમજ પુછાયેલા પ્રશ્નોના જવાબ આપે છે અને મુદ્દા કે ચિત્રોની મદદથી વાર્તા કહે છે.
- Rhymes, Action Songs, Poems, Prayers સામૂહિક રીતે યોગ્ય હાવભાવ અને અભિનય સાથે ગાય છે.
- વર્ગખંડમાં ઉપલબ્ધ લેખિત સામગ્રી (ફ્લેશકાર્ડ / ચિત્રમાં રહેલા શબ્દો) તેમજ ઘર અને આસપાસના પર્યાવરણમાં રહેલી વિવિધ વસ્તુઓનું વર્ણન સાંભળે છે, સમજે છે અને ટૂંકમાં તેનું વર્ણન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- Rhymeનું ગાન કરવું
- કૉલમ 'A'માં આપેલ ઉખાણા પૂછવા
- ઉખાણા બનાવીને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવા
- ચિત્રોનો પરિચય કરાવવો
- વસ્તુઓ ટીમ પાસેથી એકત્રિત કરવું
- ચારથી પાંચ વિદ્યાર્થીઓની જુદી - જુદી teams બનાવવી
- પા.પુ. માં આપેલી પ્રવૃત્તિ, રમત પોઈન્ટ વાળી રમાડવી
- ચિત્રમાંના આકારોમાં નિર્દેશિત રંગ પૂરવા જણાવશે
- 1 થી 50 અંકોનું પુનરાવર્તન કરાવશે
- 56 થી 60 સુધીની સંખ્યાની સમજ આપશે
- ખૂટતો અંક લખવા જણાવવો

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-અંગ્રેજી ફ્રુટનો ચાર્ટ
-ચોરસ, ત્રિકોણ, લંબચોરસ, ગોળ આકારો
-વાર્તામાં આપેલી રમત માટે જરૂરી સાધનો
-1 થી 50 અને 51 થી 100 નો અંક ચાર્ટ
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક Unit Notesમાં આપેલ Rhyme મોટેથી ગાશે. Rhymeની એક પછી એક પંક્તિ શિક્ષક વિદ્યાર્થીઓને ગવડાવશે. વિદ્યાર્થીઓ જાતે સમૂહમાં અને ત્યારબાદ નાના નાના જૂથમાં Rhymeનું ગાન કરશે. શિક્ષક વિદ્યાર્થીઓને કૉલમ 'A'માં આપેલ ઉખાણા પૂછશે. વિદ્યાર્થીઓ ઉખાણાને અનુરૂપ ચિત્ર કૉલમ 'B'માંથી પસંદ કરીને જોડી બનાવશે. શિક્ષક બીજા ફળો માટે આવા ઉખાણા બનાવીને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરશે. શિક્ષક વિદ્યાર્થીઓને

એક પછી એક ઉપરના ચિત્રો બતાવી Unit Notesમાં આપેલા પ્રશ્નો પૂછશે. વિદ્યાર્થીઓ એક શબ્દમાં જવાબ આપશે. શિક્ષક વિદ્યાર્થીઓને ઉપરનું પ્રથમ બોક્ષ જોવા કહેશે અને સાથે પ્રશ્ન પૂછશે. Who is small? વિદ્યાર્થી દ્વિભાષામાં જવાબ આપે તો પણ સ્વીકારવો. શિક્ષક અંગ્રેજીમાં જવાબ કહેશે. The mouse is small. શિક્ષક વિદ્યાર્થીઓને ફરી પ્રથમ બોક્ષ જોવાનું કહેશે અને પ્રશ્ન પૂછશે Who is big? વિદ્યાર્થીઓ જવાબ આપશે - The elephant is big. શિક્ષક બંને વાક્ય એક સાથે બોલશે. The mouse is small but the elephant is big. શિક્ષક who/what થી શરૂ થતા પ્રશ્નો પૂછી બધા બોક્ષના ચિત્રોનો પરિચય કરાવશે. ચિત્ર પરિચય માટેના વાક્યો Unit Notesમાં આપેલા છે.

-શિક્ષક ચારથી પાંચ વિદ્યાર્થીઓની જુદી - જુદી teams બનાવશે. શિક્ષક દરેક ટીમને પોતાના captain નક્કી કરવા કહેશે. શિક્ષક દરેક ટીમના captainને વર્ગ સમક્ષ બોલાવશે. ટીમના અન્ય સભ્યો પોતાની જગ્યા પર જ બેસશે. શિક્ષક captainને Unit Notesમાં જણાવ્યા મુજબ સૂચના આપી કેટલીક વસ્તુઓ ટીમ પાસેથી એકત્રિત કરવા કહેશે. જે ટીમના captain સૂચના મુજબ સૌથી પહેલા વસ્તુ એકત્રિત કરી શિક્ષકને આપશે. તે ટીમને દસ પોઇન્ટ્સ મળશે.

રમતના અંતે સૌથી વધુ પોઇન્ટ્સ મેળવનાર ટીમ વિજેતા થશે.

-શિક્ષક વિદ્યાર્થીઓને Shapes અને Coloursને ઓળખવા માટે આપેલ પ્રશ્નો પૂછશે.

1. What is the colour of the rectangle? (It is pink.)
2. What is the colour of the circle? (It is blue.)
3. What is the colour of the triangle? (It is........
4. What is the colour of the square (It is.......)

શિક્ષક વિદ્યાર્થીઓને ચિત્રમાંના આકારોમાં નિર્દેશિત રંગ પૂરવા જણાવશે. શિક્ષક આપેલ ચિત્ર માટે Unit Notesમાં આપેલા પ્રશ્નો પૂછશે. શિક્ષક વિદ્યાર્થીઓને 1 થી 50 અંકોનું પુનરાવર્તન કરાવશે. શિક્ષક fifty-one, fifty-two, fifty-three... એ પ્રમાણે 51 થી 60 અંકો અંગ્રેજીમાં બોલશે. શિક્ષક ઉપરોક્ત ચિત્રમાં પ્રથમ આપેલ ઉદાહરણ મુજબ fifty + one = 51 એ પ્રમાણે ગણતરીની સમજ આપશે. શિક્ષક આ પ્રમાણેની ગણતરી મુજબ 56 થી 60 સુધીની સંખ્યાની સમજ આપશે. ઉપરોક્ત પ્રવૃત્તિમાં શિક્ષક square,

circle, triangle, rectangle અને starની જગ્યા
પર ખૂટતો અંક લખવા જણાવશે. શિક્ષકે વિદ્યાર્થીઓને shapes, colours અને numbersનો એક સાથે મહાવરો થાય એ પ્રકારે પ્રશ્નોતરી કરવી. જેમકે...

1. The number for the triangle is

2. What is the colour of the circle?

3. What is there on number 59? (Students will say 'rectangle'.)

-શિક્ષક વાર્તાના અનુસંધાનમાં બીજા પ્રશ્નો પૂછી શકે છે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

-ફ્રુટ ના આકારો દોરવવા
-ચોરસ, ત્રિકોણ, લંબચોરસ, ગોળ આકારોથી ચિત્ર બનાવવું
-પ્રશ્નોત્તરી
-'અમેઝિંગ રેસ' રમત રમાડવી
-શેપ પ્રમાણે કલર કરવાની પ્રવુત્તિ
-ફુગ્ગા ગણી અંક ઓળખવા
-Rhyme મોબાઈલ /પ્રોજેક્ટર / કોમ્પ્યુટરમાં

**મૂલ્યાંકન :**

-શિક્ષકની સૂચના મુજબ કાર્ય કરો.
- ફ્રુટના સ્પેલીંગો લખવા
- Rhymeનું ગાન કરશે.
-ચોરસ, ત્રિકોણ, લંબચોરસ, ગોળ આકારોથી ચિત્ર બનાવવું
-'અમેઝિંગ રેસ' રમત જેવી અન્ય રમત રમવી
-શેપ પ્રમાણે કલર કરવા
-કલરના નામ બોલવા
-અંગ્રેજીમાં અંક લખવા
-પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રવુત્તિઓ કરવી.
-જૂથકાર્ય, જોડીકાર્ય અને ગૃહકાર્ય કરાવવું.

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## 2. Beautiful Birds

**અધ્યયન નિષ્પતિ :**

- શિક્ષક અને અન્ય વિદ્યાર્થીઓ સાથેની વાતચીત દરમિયાન અરસપરસ પ્રતિભાવ આપે છે.
- અંગ્રેજી મૂળાક્ષરો વાંચે છે તેમજ કેપિટલ અને સ્મૉલ મૂળાક્ષરો અને તેનાથી બનતા શબ્દોનું યોગ્ય રીતે અનુલેખન કરે છે. વિરામચિહ્નોનો ઉપયોગ કરીને સાદા અંગ્રેજી વાક્યોનું મુખવાચન કરે છે. સાદા અંગ્રેજી શબ્દોનું અનુલેખન કરે છે.
- Rhymes, Action Songs, Poems, Prayers સામૂહિક રીતે યોગ્ય હાવભાવ અને અભિનય સાથે ગાય છે.
- વાર્તા / કવિતા સંબંધી પ્રશ્નોના દ્વિભાષામાં શબ્દ સમૂહ અથવા ટૂંકા

વાક્યોમાં મૌખિક રીતે જવાબ આપે છે.

- વસ્તુનું વર્ણન કરવા માટે તેનાં કદ, આકાર, રંગ, સંખ્યા, વજન સાથે સંકળાયેલા big, small, round, pink, red, heavy, light, soft જેવા શબ્દોનો ઉપયોગ કરે છે. વસ્તુ, વ્યક્તિ, સ્થાન, વ્યવસાયકારો, પશુ – પક્ષી, વૃક્ષ વગેરે વિશેનું વર્ણન વાંચે છે અને તેના ચારથી પાંચ શબ્દો / શબ્દસમૂહમાં જણાવે છે.
- લોનવર્ડ્ઝ સહિત આશરે 300 જેટલાં શબ્દો જાણે છે અને તે વિશે જણાવે છે. પ્રાસવાળા શબ્દો વાંચીને ઓળખે છે અને તેની જોડ બનાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- Rhymeનું ગાન કરવું
- સમુહમાં Rhymeનું ગાન કરવું
- શબ્દોના કાર્ડ બનાવવા
- શબ્દોના જૂથ કાર્ડની પ્રવુત્તિ
- હાવભાવ સાથે વાર્તાનું વર્ણન
- વાર્તા પરથી પ્રવુત્તિ
- પા.પુ.માં આપેલી રમત ગોળાકારમાં બેસાડીને રમાડવી
- પશુ-પક્ષીના નામ અંગ્રેજીમાં બોલવા
- તાળી પાડો ની રમત રમાડવી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- શબ્દ કાર્ડ
- વાર્તા ચાર્ટ
-વાર્તામાં આપેલી રમત માટે જરૂરી સાધનો
- પશુ, પક્ષી, જીવજંતુ ચાર્ટ
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક અભિનય સાથે Rhyme ગાશે. શિક્ષક વિદ્યાર્થીઓને Rhymeની એક પછી એક પંક્તિ ગવડાવશે. વિદ્યાર્થીઓ સમૂહમાં અને ત્યારબાદ નાના નાના જૂથમાં Rhymeનું ગાન કરશે. શિક્ષક આપેલા શબ્દોનાં કાર્ડ બનાવશે. શિક્ષક વર્ગખંડના બધા વિદ્યાર્થીઓને બે જૂથમાં વહેંચશે. શિક્ષક વારાફરતી બંને જૂથને એક કાર્ડ પસંદ કરવા કહેશે. જૂથના વિદ્યાર્થીઓ પસંદ કરેલ કાર્ડમાં આપેલ શબ્દ સંબંધિત અન્ય શબ્દો નિયત સમયમાં બોલશે. કાર્ડ સાથે સુસંગત શબ્દો બોલનાર જૂથને શિક્ષક સાચા શબ્દોની સંખ્યા મુજબ પોઇન્ટ્સ આપશે. વધુ પોઇન્ટ્સ મેળવનાર જૂથ વિજેતા બનશે. શિક્ષક ઉપરોક્ત વાર્તા યોગ્ય હાવભાવ સાથે કહેશે અને Unit Notesમાં આપેલા પ્રશ્નો પૂછશે. શિક્ષક વિદ્યાર્થીઓને અહીં આપેલા સંવાદો સંભળાવશે.

-શિક્ષક વિદ્યાર્થીઓને જોડીમાં આવા ટૂંકા સંવાદો કરવા પરિસ્થિતિ આપશે. (વિદ્યાર્થીઓને સંવાદો લખવાના નથી. માત્ર મૌખિક બોલવાના છે.) શિક્ષક

વિદ્યાર્થીઓને વાર્તા ફરીથી કહેશે. વિદ્યાર્થીઓ વાર્તા ધ્યાનથી સાંભળશે અને આપેલી પ્રવૃત્તિ માટે યોગ્ય માહિતીની નોંધ કરશે. શિક્ષક વિદ્યાર્થીઓને માહિતીની નોંધ કરવા મદદરૂપ થશે. શિક્ષક વિદ્યાર્થીઓને ગોળાકારમાં બેસાડીને રમત અંગેની સૂચનાઓ આપશે. શિક્ષક પશુ, પક્ષી, જીવજંતુના નામો અંગ્રેજીમાં વારાફરતી બોલશે. શિક્ષક જે નામ બોલે તે ઉડી શકતું હોય તો વિદ્યાર્થી તાળી પાડશે અને ન ઉડી શકતું હોય અને તાળી પાડે તો તે આઉટ ગણાશે. રમત આ રીતે આગળ વધશે.

-શિક્ષક વિદ્યાર્થીઓને દરેક ચિત્ર વિષે ત્રણ વાક્યો અંગ્રેજીમાં બોલવા કહેશે. વિદ્યાર્થી દ્વિભાષી વાક્ય રજૂ કરે તો પણ શિક્ષક સ્વીકારશે. ઉદાહરણ :

1. This is a parrot.
2. It is green.
3. Its beak is red.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- શબ્દ કાર્ડ બનાવવા
- વાર્તા ચાર્ટ બનાવવો
-વાર્તામાં આપેલી રમત રમાડી પ્રવૃત્તિ કરાવવી
- પશુ, પક્ષી, જીવજંતુ ચાર્ટથી નામ બોલાવવા
-Rhyme મોબાઈલ /પ્રોજેક્ટર / કોમ્પ્યુટરમાં

**મૂલ્યાંકન :**

-શિક્ષકની સૂચના મુજબ કાર્ય કરો.
- કાર્ડ પરના શબ્દો લખવા અને બોલવા
- Rhymeનું ગાન કરશે.
-મૌખિક સંવાદો બોલવા
-અલગ પડતા શબ્દો પર O કરવું
- પશુ, પક્ષી, જીવજંતુના નામ બોલવા
- પા.પુ.ના દરેક ચિત્ર પર ત્રણ વાક્ય બોલવા
-પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રવૃત્તિઓ કરવી.
-જૂથકાર્ય, જોડીકાર્ય અને ગૃહકાર્ય કરાવવું.

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## 3. Rainbow

**અધ્યયન નિષ્પતિ :**

- શિક્ષક અને અન્ય વિદ્યાર્થીઓ સાથેની વાતચીત દરમિયાન અરસપરસ પ્રતિભાવ આપે છે.
- અંગ્રેજી મૂળાક્ષરો વાંચે છે તેમજ કેપિટલ અને સ્મોલ મૂળાક્ષરો અને તેનાથી બનતા શબ્દોનું યોગ્ય રીતે અનુલેખન કરે છે. વિરામચિહ્નોનો ઉપયોગ કરીને સાદા અંગ્રેજી વાક્યોનું મુખવાચન કરે છે. સાદા અંગ્રેજી શબ્દોનું અનુલેખન કરે છે.
- 51 થી 100 સુધીના અંગ્રેજી અંકોને વાંચે અને લખે છે તેમજ વ્યવહારમાં તેનો ઉપયોગ કરે છે.

- Rhymes, Action Songs, Poems, Prayers સામૂહિક રીતે યોગ્ય હાવભાવ અને અભિનય સાથે ગાય છે.
- વાર્તા / કવિતા સંબંધી પ્રશ્નોના દ્વિભાષામાં શબ્દ સમૂહ અથવા ટૂંકા વાક્યોમાં મૌખિક રીતે જવાબ આપે છે.
- વસ્તુનું વર્ણન કરવા માટે તેનાં કદ, આકાર, રંગ, સંખ્યા, વજન સાથે સંકળાયેલા big, small, round, pink, red, heavy, light, soft જેવા શબ્દોનો ઉપયોગ કરે છે. વસ્તુ, વ્યક્તિ, સ્થાન, વ્યવસાયકારો, પશુ – પક્ષી, વૃક્ષ વગેરે વિશેનું વર્ણન વાંચે છે અને તેના
- લોનવર્ડ્ઝ સહિત આશરે 300 જેટલાં શબ્દો જાણે છે અને તે વિશે જણાવે છે. પ્રાસવાળા શબ્દો વાંચીને ઓળખે છે અને તેની જોડ બનાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- Rainbow Colours કાવ્યનું વાંચન અને ચિત્રો દોરવા.
- સમુહમાં Rhymeનું ગાન કરવું
- કલરના કાર્ડ કે ચાર્ટ, ચિત્રો બનાવવા
- The Fox and the Grapes ની વાર્તા
- હાવભાવ સાથે વાર્તાનું વર્ણન
- કોલમ A અને B જોડકાં જોડવા
- પા.પુ.માં આપેલી Count and Learn ની રમત રમાડવી
- Vegetables, Sweets, Fruits ના ચિત્રો
- શબ્દોનું લેખન કરવું
- ભુલભલામણીના અંકો લખવા
- રેઇનબોવ કલરનું કાવ્ય ગાન કરવું

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- કલરના શબ્દ કાર્ડ કે ચાર્ટ
- The Fox and the Grapes વાર્તા ચાર્ટ
- વાર્તામાં આપેલી રમત માટે જરૂરી સાધનો
- ભુલભલામણીની રમત
- Vegetables, Sweets, Fruits ના ચિત્રો
- Count and Learn ની રમત
- શબ્દોનું લેખન કરવું
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

– શિક્ષક Unit Notesમાં આપેલ 'Rainbow Colours' કાવ્ય વાંચશે અને કાવ્યની પંક્તિઓને અનુરૂપ ઉપરોક્ત ચિત્રો બતાવશે. શિક્ષક કાવ્યની એક પછી એક પંક્તિ ગાશે અને ગવડાવશે. વિદ્યાર્થીઓ કાવ્યનું સમૂહગાન કરશે. શિક્ષક એક પછી એક ચિત્ર બતાવીને 'Tell me, tell me,

what do you see પંક્તિ ગાશે. વિદ્યાર્થીઓ તેના જવાબરૂપે ચિત્રને અનુરૂપ પંક્તિ ગાશે. કાવ્યની અન્ય પંક્તિઓ Rainbow colours... blue, purple, indigo... શિક્ષક અને વિદ્યાર્થીઓ સમૂહમાં ગાશે.

- શિક્ષક બોર્ડ પર red, orange, yellow, green, blue, purple, indigoના spellings લખશે. શિક્ષક દરેક શબ્દ ત્રણ વખત વાંચશે અને વિદ્યાર્થીઓને વંચાવશે. શિક્ષક વિદ્યાર્થીઓને એક પછી એક ચિત્ર બતાવી colour વિષે પૂછશે અને તેના spelling ઉપર ખરા (√)ની નિશાની કરવા કહેશે. શિક્ષક ચિત્રોની મદદથી Unit Notesમાં આપેલી વાર્તા કહેશે. શિક્ષક વિદ્યાર્થીઓને વાર્તાનાં ચિત્રો બતાવીને વાર્તા ધારવાનું કહેશે અને વર્ગ સમક્ષ રજૂ કરવા કહેશે. શિક્ષક વિદ્યાર્થીઓને કૉલમમાં ‘A’ આપેલા શબ્દોને કૉલમમાં ‘B’ આપેલા ચિત્રો સાથે જોડકાં બનાવવા માટે માર્ગદર્શન આપશે. અહીં Vegetables, Sweets અને Fruitsના ચિત્રો આપ્યા છે. વિદ્યાર્થી અને એમના ભાઈ અને બહેનને જે વસ્તુ પસંદ હોય તે નામ like સામેના ખાનામાં લખશે અને નાપસંદ હોય તે નામ dislike સામેના ખાનામાં લખશે. શિક્ષક માટેની સૂચના Unit Notesમાં આપેલી છે. શિક્ષક અહીં આપેલ ચિત્ર તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરશે અને તેનું ત્યારબાદ આપેલ શબ્દોનું અનુલેખન કરાવશે. નામ બોલશે. શિક્ષક વિદ્યાર્થીઓને ભુલભુલામણીમાં અંકો લખવા માટે માર્ગદર્શન આપશે.

**પ્રવૃત્તિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- કલર કાર્ડ બનાવવા
- વાર્તા ચાર્ટ બનાવવો
- ભુલભલામણીની રમત
- Vegetables, Sweets, Fruits ના ચિત્રો
- Count and Learn ની રમત
-વાર્તામાં આપેલી રમત રમાડી પ્રવુત્તિ કરાવવી
-Rhyme મોબાઈલ /પ્રોજેક્ટર / કોમ્પ્યુટરમાં

**મૂલ્યાંકન :**

-શિક્ષકની સૂચના મુજબ કાર્ય કરો.
- કલર કાર્ડ પરના શબ્દો લખવા અને બોલવા
- કાઉન્ટ ૬૧ થી ૧૦૦ લખવા
- રેઇનબોવ કલર Rhymeનું ગાન કરવું
-The Fox and Grapes ની વાર્તા બોલવી
- Vegetables, Sweets, Fruits નામ બોલવા
- પા.પુ.ના દરેક ચિત્ર પર ત્રણ વાક્ય બોલવા

-પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રવુત્તિઓ કરવી.
-જૂથકાર્ય, જોડીકાર્ય અને ગૃહકાર્ય કરાવવું.

**ઓક્ટોબર માસનું પાઠ આયોજન**
**4. Lion or Donkey ?**

**અધ્યયન નિષ્પતિ :**

- શિક્ષક અને અન્ય વિદ્યાર્થીઓ સાથેની વાતચીત દરમિયાન અરસપરસ પ્રતિભાવ આપે છે.
- અંગ્રેજી મૂળાક્ષરો વાંચે છે તેમજ કેપિટલ અને સ્મોલ મૂળાક્ષરો અને તેનાથી બનતા શબ્દોનું યોગ્ય રીતે અનુલેખન કરે છે. વિરામચિહ્નોનો ઉપયોગ કરીને સાદા અંગ્રેજી વાક્યોનું મુખવાચન કરે છે. સાદા અંગ્રેજી શબ્દોનું અનુલેખન કરે છે.
- 51 થી 100 સુધીના અંગ્રેજી અંકોને વાંચે અને લખે છે તેમજ વ્યવહારમાં તેનો ઉપયોગ કરે છે.
- Rhymes, Action Songs, Poems, Prayers સામૂહિક રીતે યોગ્ય હાવભાવ અને અભિનય સાથે ગાય છે.
- વાર્તા / કવિતા સંબંધી પ્રશ્નોના દ્વિભાષામાં શબ્દ સમૂહ અથવા ટૂંકા વાક્યોમાં મૌખિક રીતે જવાબ આપે છે.
- વસ્તુનું વર્ણન કરવા માટે તેનાં કદ, આકાર, રંગ, સંખ્યા, વજન સાથે સંકળાયેલા big, small, round, pink, red, heavy, light, soft જેવા શબ્દોનો ઉપયોગ કરે છે. વસ્તુ, વ્યક્તિ, સ્થાન, વ્યવસાયકારો, પશુ – પક્ષી, વૃક્ષ વગેરે વિશેનું વર્ણન વાંચે છે અને તેના વિશે ચારથી પાંચ શબ્દો / શબ્દસમૂહમાં જણાવે છે.
- લોનવર્ડ્ઝ સહિત આશરે 300 જેટલાં શબ્દો જાણે છે અને તે વિશે જણાવે છે. પ્રાસવાળા શબ્દો વાંચીને ઓળખે છે અને તેની જોડ બનાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- Come along and Sing with Me કાવ્યનું વાંચન અને ચિત્રો દોરવા.
- સમુહમાં Rhymeનું ગાન કરવું
-The Donkey in s Lion Skin વાર્તાનું વાંચન
- વાર્તા પરથી સાચા-ખોટા લખશે
- Missing Word શબ્દોની રમત
-Listen and act ની રમત અને એક્શન કરવી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- પ્રાણીઓના કાર્ડ કે ચાર્ટ
- The Donkey in s Lion Skin વાર્તા ચાર્ટ
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

-શિક્ષક Rhyme અભિનય સાથે ગાશે. Rhymeની એક પછી એક પંક્તિ શિક્ષક વિદ્યાર્થીઓને ગવડાવશે. વિદ્યાર્થીઓ જાતે સમૂહમાં અને ત્યારબાદ નાના નાના જૂથમાં Rhymeનું ગાન કરશે. શિક્ષક singના બદલે dance, read, clap, play શબ્દોનો ઉપયોગ કરીને Rhymeનું ગાન કરશે અને કરાવશે.

-શિક્ષક ઉપરોક્ત ચિત્રો બતાવીને ચિત્રવાર્તાના વાક્યોનું વાંચન કરશે અને કરાવશે. શિક્ષક વિદ્યાર્થીઓને બે ટીમમાં વહેંચશે. શિક્ષક બોર્ડ પર વિદ્યાર્થીઓને પરિચિત હોય તેવા પાંચ શબ્દો અંગ્રેજીમાં લખશે. શિક્ષક વિદ્યાર્થીઓને તે ધ્યાનપૂર્વક જોવા માટે કહેશે. શિક્ષક વિદ્યાર્થીઓને તે પૈકી જે શબ્દો વાંચી શકે તે વાંચવા કહેશે. વિદ્યાર્થીઓ વાંચી ન શકે તો શિક્ષક મોટેથી બે ત્રણ વખત વાંચશે. શિક્ષક વિદ્યાર્થીઓને આંખ બંધ કરવા કહેશે અને એક શબ્દ ભૂસી નાખશે. વિદ્યાર્થીઓ આંખો ખોલીને કયો શબ્દ missing છે તે જણાવશે. જે ટીમ પ્રથમ missing શબ્દ જણાવી દેશે તે ટીમ એક પોઇન્ટ મેળવશે તથા પોતાનો એક નવો શબ્દ બોર્ડ પર ઉમેરાવશે. આ રીતે રમત આગળ ચાલશે.

-શિક્ષક વિદ્યાર્થીઓને ‘A’માં આપેલ પરિસ્થિતિ માટે ‘B’માં આપેલ અભિવાદન સાથે જોડકા જોડવા માટે માર્ગદર્શન આપશે. Read and act માટે શિક્ષક વિદ્યાર્થીઓને અહીં આપેલ સૂચનો પ્રમાણે action કરવા કહેશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- કલર કાર્ડ બનાવવા
- Missing Word શબ્દોની રમત
- વાર્તા ચાર્ટ બનાવવો
- Count and Learn ની રમત
- Listen and act ની રમત અને એક્શન કરવી
- Rhyme મોબાઈલ /પ્રોજેક્ટર / કોમ્પ્યુટરમાં

**મૂલ્યાંકન :**

-શિક્ષકની સૂચના મુજબ કાર્ય કરો.
- Come along and Sing with Me કાવ્યનું લેખન કરવું.
- The Donkey in s Lion Skin વાર્તાનું વાંચન કરવું
- વાર્તા પરથી સાચા-ખોટા લખવા
- પા.પુ.ના દરેક ચિત્ર પર ત્રણ વાક્ય બોલવા
- પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રવુત્તિઓ કરવી.
- જૂથકાર્ય, જોડીકાર્ય અને ગૃહકાર્ય કરાવવું.